www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Series ONS

SET-4

Code No. **10**

Roll No. | | | | | | | |

Candidates must write the Code on the title page of the answer-book.

- Please check that this question paper contains **7** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **6** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 100*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 100*

Prepp
Your Personal Exams Guide

## SECTION - A
## (Advanced Reading Skills)

1. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. 10

ભારતીય સંસ્કૃતિ શબ્દ નજર સમક્ષ આવતા જ વિવિધતામાં એકતા, ધર્મસહિષ્ણુતા, સર્વધર્મ સમભાવ વગેરે જેવા શબ્દો સ્મૃતિપટ પર અંકાય છે. ખરેખર આપણી સંસ્કૃતિ કેવી અને કેટલી અજોડ છે એનો અભ્યાસ કરીએ તો જ એના વિશે કોઈ મંતવ્ય રજૂ કરી શકીએ. પ્રાચીનકાળની રીતભાત, રહેણીકરણી પર નજર નાંખીશું તો ખ્યાલ આવશે કે તે સમયે લોકોનું વનધોરણ કેટલું સરળ હતું ! જરૂરત ઓછી હતી અને લોકો સુખી અને સંતોષી હતા. લોભ, લાલચ, સ્વાર્થ, કપટ વગેરે જેવા શબ્દો કદાચ એમના શબ્દકોશમાં જ ન હતા. તેઓ પોતાના બાળકોમાં સદ્‌ગુણોનું સિંચન કરતાં. સારા માનવોના નિર્માણનો પ્રયત્ન કરતાં. ખાસ કરીને પોતે અમલ કરીને સદ્‌ગુણોનું પાલન કરવાની ટેવ પાડતાં. આ વધારે અસરકારક શિક્ષણ છે એવી સમજ તેઓ ધરાવતા. પ્રાચીન કાળમાં જ્ઞાનને વધારે મહત્તા અપાતી તેથી જ ઋષિમુનિઓને ખૂબ માન અપાતું અને જેટલું મેળવી શકાય એટલું જ્ઞાન એમની પાસેથી લોકો મેળવતા. દરેક ક્ષેત્રમાં સમજપૂર્વક આગળ વધતાં. આ સાચી સમજણ અને સ્વાવલંબન એ સંસ્કૃતિની ધરોહર છે. સર્વધર્મ સમભાવ અને ધર્મસહિષ્ણુતા પણ આ સમજને કારણે જ જન્મે છે. જો આટલી સમજણ કેળવીશું તો ઉમાશંકર જોશીની પ્રસિદ્ધ પંક્તિ 'માનવી હું માનવ થાઉં તો ઘણું' ને ખરા અર્થમાં યથાર્થ કરી શકીશું અને એના દ્વારા જ જીવનની સાર્થકતા પણ કેળવાશે.

પ્રશ્નો :

(1) ભારતીય સંસ્કૃતિ શેના દ્વારા સમૃદ્ધ બની છે ?

(2) પ્રાચીન સમયના લોકો કેવાં હતાં ?

(3) બાળકોનાં શિક્ષણ અને સંસ્કારો માટે લોકો શું કરતાં ?

(4) પ્રાચીનકાળમાં લોકો શાને મહત્વ આપતા ?

(5) સંસ્કૃતીની સાચી ધરોહર શેમાં રહેલી છે ?

Prepp
Your Personal Exams Guide

## SECTION - B

### (Effective Writing Skills)

2. (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખો. 8

(1) એક ઐતિહાસિક સ્થળની મુલાકાતે

(2) રાષ્ટ્રીય એકતા

(3) ગ્રીષ્મની અનિવાર્યતા

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. 6

મુદ્દા – એક શિલ્પી – શ્રેષ્ઠ કલાકાર – આકાશવાણી – સાતમે મૃત્યુની આગાહી – શિલ્પી પોતાના જેવી જ સાત મૂર્તિ બનાવી – સાત દિવસ પછી યમદૂતનું આગમન – શિલ્પી જેવી જ સાત મૂર્તિ જોઈને યમદૂત મૂંઝવણમાં – એક યુક્તિ કરવી – આમાં તો ભૂલ છે – ભૂલ મળી ગઈ એમ યમદૂતનું કહેવું – શિલ્પીનું બોલી પડવું ક્યાં છે ભૂલ ? પરિણામ – બોધ

(ક) તમારા વિસ્તારમાં જાહેર વાંચનાલય માટે નગરપાલિકાને પત્ર લખો. 6

**અથવા**

જીવનમાં શિસ્તપાલનના મહત્વ વિશે તમારા નાનાભાઈને પત્ર લખો.

Prepp Your Personal Exams Guide

## SECTION - C

### (Applied Grammar)

3. (અ) સૂચના પ્રમાણે પરિવર્તન કરો. 3

(1) સૂગ કે સૌંદર્ય વસ્તુગત ક્યાં છે ? (ઉદ્‌ગારવાક્ય)

(2) માતાપિતાની આજ્ઞા એ જ ધર્મ છે. (પ્રશ્નવાક્ય)

(3) ધન એ જ સાચી સત્તા નથી. (વિધાનવાક્ય)

(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો. **3**

(1) ધાડ મારવી

(2) દરકાર કરવી

(3) આડો આંક વાળવો

(ક) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ બદલો. **3**

(1) આ શિયાળામાં બહુ ઠંડી પડશે. (પૂર્ણ વર્તમાનકાળ)

(2) યુગ અમેરિકા ગયો હતો. (સામાન્ય ભવિષ્ય કાળ)

(3) બાળકો ચિત્રમાં રંગ પૂરી રહ્યા હતા. (પૂર્ણ ભૂતકાળ)

(ડ) નીચેના વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારો. **3**

(1) એ નોટો નીચે મૂક્યા પછી તિજોરીમાં ગયા.

(2) કોણ બોલે આટલી રાઈ પછી રાખ બધી મગજમાં

(3) નોટ-આઉટ હું એ મેચમાં જઈ પહેલો રહ્યો.

(ઇ) નીચેની કહેવતોનો એક વાક્યમાં અર્થ લખો. **3**

(1) કુમળો છોડ વાળીએ તેમ વળે

(2) કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય

(3) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન

(ઈ) (1) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. **2**

(i) શમણું

(ii) અઢળક

(iii) ગાફેલ

(iv) સહાનુભૂતિ

Prepp Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(2) નીચેના શબ્દોના વિરોધી શબ્દ આપો. **1**

(i) લૌકિક

(ii) સક્રિય

(3) નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. **2**

(i) દિગ્વિજય

(ii) અત્યાધુનિક

## SECTION - D

## (Literature)

**4.** (અ) નીચેનામાંથી કોઈપણ ચાર વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો. **8**

(1) 'જ્યાં જ્યાં આર્યો પગ મૂકે ત્યાં આર્યાવર્ત ઊભું થાય.'

(2) મંજુલથી ક્યારેક એકલા રડી પડાતું હતું.

(3) ઘર કરતાં ઓફિસમાં નોકરી કરવાનું નોકર ઈચ્છે છે.

(4) મહર્ષિ ઐલે શક સરદારોને ભોજનનું નિમંત્રણ આપ્યું.

(5) 'જે દી' કાબરો જીતશે તે દી' દુનિયા જીવવા જેવી લાગશે'

(બ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો. **8**

(1) ગોરબાપાએ ઘેર પાછા ફરેલા કનુને ઉદ્દેશીને લખેલા પત્રનો સાર તમારા શબ્દોમાં સમજાવો.

(2) ''કાંચન અને ગેરુ'' વાર્તાના શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(3) સરકારી નોકરી અને સ્વદેશપ્રેમ વચ્ચે ઝોલાં ખાતા લેખકના મનોમંથનનું ચિત્રણ કરો.

(ક) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. 4

(1) તાલીમ પામતા શ્રુતિએ કઈ કઈ કુશળતા પ્રાપ્ત કરી ?

(2) કનુએ કોલકતાથી પિતા પર લખેલ પત્રમાં શું લખ્યું હતું ? એ વાંચીને ગોરબાપા પર શી અસર થઈ ?

(3) મોટેરાઓની સરખામણીમાં બાળકોનું હૃદય વિશેષ સરળ હોય છે, એ આ વાર્તાને આધારે સમજાવો.

5. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. 6

(1) કવિ 'ફૂલ વીણ સખે' કાવ્યના આરંભે ફૂલ વીણવાનું કહીને મિત્રને શું કહેવા માંગે છે?

(2) 'કોણ?' કાવ્યમાં ઝાકળ અને વૃક્ષના ફળ વિશે શું કહેવાયું છે ?

(3) નિંદરનો આનંદ માણતાં કવિને શો અનુભવ થાય છે ?

(4) પ્રથમ દુહામાં નારીનો મહિમા કેવી રીતે વર્ણવાયો છે ?

(બ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં વિસ્તૃત ઉત્તર લખો. 8

(1) 'મેહુલો ગાજે ને માધવ નાચે' કાવ્યનું વક્તવ્ય સ્પષ્ટ કરો.

(2) 'કોણ?' કાવ્યમાં કવિને કુદરતમાં ક્યાં ક્યાં પ્રભુની લીલાના દર્શન થાય છે ?

(3) 'જનની' કાવ્યના આધારે જનનીનો અજોડ પ્રેમ વર્ણવો.

(ક) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો. 6

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું ?
દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?
લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામામાશીના,
કાળાબજારો, મોંઘવારી : ના સીમા !
રોશથી સૌ દોષ ગોખ્યા,
ગાળથી બીજાને પોંખ્યા,

આળ પોતાનેય શિર આવે ન, જો ! તેં શું કર્યું ?
આપબળ ખરચ્યું પૂરણ ? જો આ દેશના ભાગ્યમાં તે શું ભર્યું ?
સ્વાતંત્ર્યની કિંમત હર પળે;
સ્વાતંત્ર્યના ગઢકાંગરા : કરવત ગળે.
ગાફેલ, થા હુશિયાર ! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?
શી સ્વર્ગદુર્લભ મૃતિકાનો પુણ્યમય તુજ પિંડ છે !
હર એક હિંદી હિંદ છે,
હર એક હિંદી હિંદની જિંદગી.
હો હિંદ સુરભિત ફુલ્લઅરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

ઉમાશંકર જોશી

પ્રશ્નો :

(1) આ કાવ્ય કોને ઉદ્દેશીને લખાયું છે ?

(2) સ્વતંત્ર ભારતમાં કવિને કયા દોષો દેખાય છે ?

(3) સ્વાતંત્ર્ય વિષે કવિ શું કહે છે ? શા માટે ?

(4) તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ? – આ પંક્તિમાં કવિ કયા સૌભાગ્યની વાત કર છે ?

(5) હર એક હિંદી વિશે કવિ શું કહે છે ?

(6) સ્વાતંત્ર્ય દિને કવિ શી પ્રાર્થના કરે છે ?

**6.** નીચેનામાંથી કોઈપણ એક લેખકનો પરિચય આશરે **200** શબ્દોમાં લખો. **10**

(1) ધૂમકેતુ

(2) ગાંધીજી

(3) દલપતરામ